## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ખેલ આ અંતરંગ છે કે શું ?
આભ સામેનો જંગ છે કે શું ?
શ્વાસ પણ દાવ પેચ ખેલે છે;
જિંદગી એક પતંગ છે કે શું ?
- દીપલ ઉપાધ્યાય 'ફોરમ'

### પાથેય

- રમેશ ઠક્કર

## પતંગનો પેચ, જીવનનો સ્કેચ

ઉડતો પતંગ સહુને હરખાવે છે..વહેતી હવાને એ હંમેશાં હૈયે લગાવે છે.દાવપેચ માણસના મનમાં ચાલતા રહે છે..માણસ પતંગના પણ પેચ લડાવતો રહે છે.! પતંગની એક સંસ્કૃતિ છે. એનોય ભાતીગળ ઈતિહાસ છે..માણસને માટે જો કોઈ મોટું વિસ્મય હોય તો એ આકાશ છે..અને એમાં પણ જો એને આકર્ષણ હોય તો ઉડતાં પંખીઓનું..સદીઓથી એના મનમાં આકાશમાં ઊડવાનો અભરખો ધરબાઈને પડ્યો હતો..પતંગની શોધ કદાચ એનું જ પરિણામ હશે ! એક જમાનામાં ગામડાનાં ખૂલ્લાં ખેતરો કે ઉઘાડી સીમ વચ્ચે સાધારણ પતંગો ઉત્તરાયણ ઉપર આમતેમ ઉડતા જોવા મળતા..સામાન્ય કાગળ કે પસ્તીના પેપરમાંથી હાથે બનાવેલા પૂંછડીવાળા પતંગોનો પણ જમાનો હતો..હાથે પીવડાવેલી પતંગ દોરી અને એના માટેની જમાવટ માણસના આનંદના આવિષ્કાર હતા..શિયાળુ ટાઢ એની ભરયુવાનીમાં લ્હેરાતો હોય..ફરફર થતો પવન એની અલ્લડ મસ્તીની પરાકાષ્ઠાએ હોય ત્યારે ઉત્તર તરફ અયન કરતો સૂરજ આછેરું સ્માઈલ આપી જાય છે..અને એ માહોલમાં પતંગ ઉડાડવાનો આનંદ અવર્ણનીય અનુભૂતિ સમાન છે.

પતંગ એક ઉત્સવ છે. સહભાગી આનંદનો અનેરો અવસર છે..માણસે રોજીરોટી કમાવાની પળોજણ અને જીવનની ઘટમાળમાંથી મુક્ત થવા માટે તહેવારોની ઉજવણી શરૂ કરી..આપણે સહુ સ્વભાવે ઉત્સવપ્રેમી માણસો છીએ..આપણા જેવા વિશાળ દેશમાં જ્યાં અનેક રિવાજો અનેક રસમ અને વિવિધ ઉજવણીઓ થતી રહે છે એમાં પતંગનો તહેવાર અલગ ભાત પાડે છે..એની ખાસિયત એ છે કે એ આબાલવૃધ્ધ સહુ કોઈને સરખો આનંદ આપે છે..પતંગ એ સૌથી ઓછો ખર્ચાળ શોખ છે..એ સંપૂર્ણપણે પ્રદૂષણ રહિત ઉત્સવ છે. પતંગ રસિયાઓની પણ આગવી દુનિયા છે..મહાનગરો અને શહેરોમાં એની અલગ શાન હોય છે..ઉત્તરાયણ એક સામૂહિક ઉમંગ બની જાય છે..મકર સંક્રાંતિ એક ભૂગોળીય ઘટના ના રહેતાં ભાવનાત્મકતા બની જાય છે..પતંગ જયિરે ખુલ્લા આકાશમાં લ્હેરાય છે ત્યારે જાણે માણસનાં અરમાનોને પણ મોકળાશ મળે છે. પતંગની દોર આપણને અનુકૂલન શીખવે છે. ક્યાં તંગ થવું અને ક્યારે ઢીલ મૂકવી એ આપકળા છે...ઉંચે ઉડતો પતંગ જીવનની માફક અકળ પણ છે..એની દોર કયારે કપાઈ જાય એ નક્કી નથી હોતું ! પતંગ વિશે અવનવી માન્યતાઓ અને પરંપરાઓ પણ છે...પૂંછડીવાળા પતંગોથી આજના અવનવા આકારમાં જોવા મળતા પતંગની પણ આગવી વંશાવલી છે ! પતંગોત્સવનાં પણ મોટાં આયોજન થાય છે..એમાં લોકો આપોઆપ જોડાય છે..એ રીતે જોઈએ તો પતંગ એટલે એકતા..એકરાર અને એકાકારપણું..પતંગ ચગાવવો એ આર્ટ છે એમ એ બનાવવાની પણ એક આવડત હોય છે. પતંગ બનાવનારાં અનેક પરિવારો છે. એના માટે પતંગ દોરી એક જીવાદોરી પણ છે.

કોઈપણ તહેવારમાં જેમ અતિ ઉત્સાહ અને સ્પર્ધા હોય છે એમ પતંગમાં પણ માણસ અતિરેક કરતો રહે છે. પેચ લડાવવાના મોહમાં એ જાતજાતની દોરી બનાવતો રહે છે. જે કયારેક નિર્દોષ પંખીઓ અને રાહદારીઓ માટે જીવલેણ બની જાય છે..ઉત્તરાયણના દિવસે થતો ઘોંઘાટ કે પતંગ લૂંટવા માટે જાહેર રસ્તાઓ ઉપર થતી દોડધામ કયારેક અકસ્માતો પણ સર્જે છે..પતંગની પ્રભાવશાળી દુનિયામાં આવા કેટલાક ડાઘ પણ છે.. જીવન પોતે જ આમ તો એક મસમોટો તહેવાર છે...જીવનમાં પણ કયાં બધું મંગલ અને મનગમતું હોય છે ? સુખદુઃખ,તડકીછાયડી,અને ચઢાવઉતાર એ એની મજા છે એમ જ ઉડતો, ગડથોલિયું ખાતો કદીક લ્હેરાતો અને કયારેક કોઈક અજાણી દોરથી કપાઈને વિશાળ આકાશમાં અલોપ થઈ જતો પતંગની પણ એ જ મજા છે..ઉડતો પતંગ એ માણસની આસ્થાની ધજા જેવો છે..એની સાથે જોડાયેલી દોરી એ આપણાં અરમાનો જેવી છે..એમાંથી મળતો નિર્દોષ આનંદ એ જ જાણે જીવનરસ છે.

# હાથનાં કર્યાં હૈયે વાગી શકે

### તંત્રીસ્થાનેથી...

પૂર્વ નાયબ વડાપ્રધાન દેવીલાલનું નામ કદાચ નવી પેઢીને ભાગ્યે જ યાદ હશે. તેઓ હરિયાણાના શક્તિશાળી જાટ નેતા હતા. એવા જ શક્તિશાળી જાટ નેતા બંસીલાલ પણ હતા પરંતુ એ કોંગ્રેસ સાથે જોડાયેલા હતા. ભજનલાલ બિશ્નોઈ જ્ઞાતિને નેતા હતા. હરિયાણામાં આ ત્રિપુટી ઘણા લાંબા સમય સુધી છવાયેલી રહી. તેઓ પક્ષપલટાનો કશો છોછ નહોતા ધરાવતા. આથી ચૂંટણી આવતી ત્યારે એમનાં જૂથોમાંથી મોટી સંખ્યામાં આવનજાવન થતી રહેતી. એ બાબતને 'આયા રામ, ગયા રામ' જેવા હુલામણા રુઢિપ્રયોગથી ઓળખવામાં આવે છે. આયારામ - ગયા રામ ઘટના પછી તો દેશનાં અન્ય રાજયોમાં પણ સામાન્ય બની ગઈ હતી. ભારતીય જનતા પાર્ટીની સ્થાપના વખતે એને 'પાર્ટી વિથ ડિફરંસ' જેવી ઓળખ સાથે પ્રજા વચ્ચે રમતી મૂકનારા વાજપેયી અને અડવાણી જેવા રાષ્ટ્રીય નેતાઓની નજર સામે એમના અનુગામીઓએ આ અદ્‌ભૂત ઘટનાઓ ઉત્સાહપૂર્વક અમલ કરી બતાવીને સાબિત કર્યું કે રાજકારણમાં ચોખલિયાવેડા ના ચાલે. પ્રેક્ટિકલ બનવું પડે. ડાર્વિન નામના વૈજ્ઞાનિકે વર્ષો પૂર્વે 'સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ' જેવી થિયરી રજૂ કરી હતી. જીવતા રહેવું છે ? તો પછી ફ્લેક્સીબલ બનો. જયારે જે પરિસ્થિતિ પ્રવર્તતી હોય એની સાથે અનુકૂલન સાધી લો. નહીંતર મહાકાય ડાયનાસોર ના બચ્યું તો તમારી તે શી વિસાત ? આ સિદ્ધાંત ફક્ત નૃવંસ શાસ્ત્રને જ નહીં પણ રાજકારણનેય લાગુ પડે એવી પાકી સમજણ સાથે 'જથ્થાબંધ આયાત' શરૂ કરનાર ભારતીય જનતા પાર્ટી હવે મોદી-શાહ અને યોગીની નજર સામે પોતાના વેચાઉ માલની નિકાસ નિહાળી રહ્યા છે. શરદ પવાર તો રાજકારણના માસ્ટર ખેલાડી છે. અખિલેશ યાદવ જેવા યુવાન નેતાએ ઉત્તરપ્રદેશની ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ ભાજપની વિકેટો ખેરવવા માંડી એથી મરાઠા નેતા પોરસાઈ રહ્યા છે. એખિલેસ યાદવ પાસે લાંબી ઈનિંગ્સ રમવાજોગ ઉંમર છે, પિતા મુલાયમસિંહ યાદવનો સમૃદ્ધ વારસો છે. ઉત્તરપ્રદેશમાં સુભાષચંદ્ર બોઝને મળેલું એ જ હુલામણું નામ - 'નેતાજી' - મુલાયમસિંહને મળેલું છે. પોતે પહેલવાની કરી, માસ્તરી પણ કરી પણ આખરે તો મોટી છલાંગ ભરી તે ઉત્તરપ્રદેશના યાદવો અને મુસ્લિમોનું સમીકરણ માંડીને સવર્ણ બ્રાહ્મણ સમુદાય અને ક્ષત્રિયોના વર્ચસ્વને નાબૂદ કરવાનું બીડું ઝડપ્યું. એ માટે જરૂર પડ્યે દલિત લોકનેતા માયાવતી સાથે જોડાણ પણ કર્યું. ભારતીય જનતા પાર્ટીએ પણ લોધા સમાજના કલ્યાણસિંહને આગળ ધરી સત્તાં હાંસલ કરેલી પરંતુ એ જ કલ્યાણસિંહે એક તબક્કે મુલાયમસિંહ સાથે હાળ મિલાવીને પાર્ટી વરિષ્ઠોને પોતાની હેસિયતનો પરચો બતાવી દીધો હતો. કોંગ્રેસને ઉત્તરપ્રદેશમાંથી વાળીઝૂડીને કચરાટોપલી ભેગી કરવામાં સિંહફાળો મુલાયમસિંહનો હતો અને અખિલેશ એમનું લોહી છે. પારિવારિક પાર્ટી તરીકે કશાય છોછ વગર કાકા-બાપાના ઘરના લોકોને સંસદ અને વિધાનસભાની ટિકિટો આપવામાં સમાજવાદી પાર્ટીનો જોટો ન જડે. છતાં એને પ્રજો સમર્થન આપ્યું છે. એની સાથે સારા માણસો પણ છે અને બાહુબલી પણ છે. જોકે બાહુબલી તો કઈ પાર્ટીમાં નથી - એ સંશોધનનો વિષય છે. એન ટાઈમે અખિલેશ યાદવે આદિત્યનાથની ભૈરવઝોળીમાંથી ધારાસભ્યો ખેરવવા માંડ્યા છે.એ પૈકી કેટલાક યોગી કેબિનેટમાં મંત્રીઓ પણ છે અને પોતપોતાની રીતે પ્રભાવશાળી છે. સ્વામી પ્રસાદ મૌર્ય પાસે તો ચાર ચાર વિભાગો હતા છતાં એમને ચૂંટણી ટાણે જ ભગવાનો સાથ છોડી અખિલેશની લાલ ટોપી પહેલી લીધી છે. યોગી આદિત્યનાથ હિંદુત્વના મુદ્દે રાષ્ટ્રીય નેતા બની ચૂક્યા છે. ઘણા રાજકીય પંડીતો એમને મોદીના અનુગામી વડાપ્રધાન તરીકે જોતા થઈ ગયા છે. પરંતુ દિલ્હી તરફ જતો રસ્તો ઉત્તરપ્રદેશ થઈને જાય છે - એ નિયમ મુજબ એમના માટે ૨૦૨૨ની વિધાસનભાની ચૂંટણી ખૂબ જ મહત્ત્વની બની રહે છે. યોગી આદિત્યનાથ સાથે કટ્ટરપંથી સાધુસંતો છે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છે અને એમની મૂળ જાતિ - ક્ષત્રિયો છે. બ્રાહ્મણો પ્રિયંકા સાથે પણ જઈ શકે છે, માયાવતીને પણ ટેકો આપી શકે છે. મુસ્લિમો અખિલેશ યાદવ સાથે જ રહેશે. ત્યારે ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં મોદીનો કરિશ્મા કેટલો ભાગ ભજવશે તે જોવું પણ રસપ્રદ બની રહેશે. દલિતો માયાવતીને છોડીને જો અખિલેશની પાંખમાં ભરાશે અને ઔવેસી ઝાઝું કાઠું નહીં કાઢે તો યોગી સામે અખિલેશની લડાઈ રોમાચંક બની રહીશે. પછી તો બધું 'મશીનરી'ને મુબારક!



## લાગણીનો મેળો

રસિક વાળંદ

**છે પાંખ ભાગ્યમાં કિન્તુ ગગન નથી એથી.**
**ખરી રહ્યાં છે પીંછા ઉડ્ડયન નથી એથી.**
**તમન્ના હોય છે, છતાં કંઈ જ થઈ નથી શકતું,**
**પડી રહ્યા છે પતંગો, પવન નથી એથી.**
**- પંકજ વખારિયા**

●●●

ઉત્સવ એટલે ઉત્સાહ - ઉલ્લાસની મુક્તિ અભિવ્યક્તિ !

કોરોનાએ પતંગોત્સવને બાનમાં લીધો.... સરકારે નવી ગાઈડલાઈન જાહેર કરી. પતંગ પર્વે પતંગ મોજથી ચગાવવાના... પેચ લગાવવાના... કાપવાના.... અને લૂંટવાના... પરંતુ આ વર્ષે પતંગરસિયાઓની ઉત્તરાયણ સાવ કોરી... કોરી જશે !! ખેર સલામતીના કારણોસર SOP નું પાલન કરવાનું, એમાં અફસોસ શાનો ?! દોસ્તો, ઉત્તરાયણ કે મકરસંક્રાંતિનું પર્વ સમગ્ર દેશમાં એક યા બીજી રીતે ઊજવાય છે, આપણાં દીર્ઘદષ્ટા, સંસ્કૃતિ દાતા મહામનિષિઓએ આ પર્વ પાછળ ધર્મ, ખગોળ, પર્યાવરણ અને પ્રકૃતિનો ઉમદા અનુબંધ જોડ્યો છે. ખગોળીય દષ્ટિએ ઉત્તરાયણ એટલે ઉત્તર + અયન... જેવો શાબ્દિક અર્થ છે ઉત્તરમાંગમન. આ સમયે સૂર્ય ઉત્તર તરફ ખસતો હોવાથી ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. સૂર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં સ્થાનાંતર કરે તેને સંક્રાતિ કહે છે, આમ તો વર્ષમાં કુલ બાર સંક્રાતિઓ થાય છે, પરંતુ સૂર્ય ધન રાશીમાંથી મકર રાશીમાં સ્થાનાંતર કરે છે ત્યારે મકરસંક્રાંતિ શરૂ થાય છે, દિવસ મોટો થતો અને રાત નાની થી હોવાનું અનુમાન છે. મિત્રો, યાંત્રિક વિકાસે હરણફાળ ભરી છે, વ્યાપારી વૃત્તિ અને દષ્ટિએ કુદરતી સંપદાનું અતિરેક દોહનને પરિણામે ખનીજો, વનસંપદા, જળના પશુ-પક્ષીઓનું નિકંદન કાઢી નાખ્યું. સળઘું - હવા - પાણી દૂષિત કરી નાખ્યું. 'હાથનાં કર્યા હૈયે વાગ્યા.' એ ન્યાયે 'કલાઈમેટ ચેન્જ' 'ઓઝોન હૉલ', 'ગ્લોબલ વોર્મિંગ', 'પોલ્યુશન' - પીડાના મૃત્યુઘંટનો રવ જયારે સંભળાવા લાગ્યો ત્યારે 'ઈકોલોજીકલ બેલેન્સ' ની વાતોનું ડહાપણ ડોળવા મંડ્યા છીએ ત્યારે વિચારવું રહ્યું કે આપણા કરતાં સૂર્ય ઉપાસના કરનારા ઋષિ-મુનિઓની જીવનદષ્ટિ કેટલી કલ્યાણકારી હતી.

ધાર્મિક દષ્ટિએ ક્યાંક દાનનો મહિમા છે તો ક્યાંક સ્નાનનો મહિમા..... ઉત્તારાયણનો સમય એટલે બે ઋતુનો સંધિકાળ.... હેમંતની વિદાય ને શિશિરની...શરુઆત જેને કારણે ઋતુગત બીમારીઓની અસર થવા માંડે... એટલે આ દિવસોમાં તલ-ગોળનું સેવન કરવાથી શરીરમાં ગરમી જળવાયેલી રહે છે. આપણા મહાજ્ઞાની ઋષિઓ એ પર્યાવરણ પરિવર્તનોને પારખ્યા હતા.. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી તો કહેતા કે આપણા આર્ષદષ્ટા ઋષિમુનિઓ એટલે આજની ભાષામાં વૈજ્ઞાનિકો... જે માનવજાતના સુખ ને કલ્યાણ માટે રાત-દિવસ મથતા રહે છે. નરી સ્વાર્થાંધ ને ભોગી માનવજાતે એ વિચારવું રહ્યું કે આપણે આ દુનિયાના માલિક નથી પણ સેવક છીએ. પ્રાચીનકાળના ઋષિઓ તો એ સારી પેઠે પચાવી ચૂક્યા હતા એટલે જ આપણને આવા ઉત્સવો, પૌરાણિક વાર્તાઓ, સૂક્તો, વેદમંત્રો જેવી સામગ્રી આપીને નિસર્ગ પ્રત્યે જાગૃતિ અને પ્રેમ આપણા દૈનિક જીવનમાં સહજ વણાય એ માટે ક્રિયાકાંડ પણ આપ્યા છે... ભલે, જીવન જંગે ઝઝૂમીએ કે જીવન સંઘર્ષમાં વ્યસ્ત કે રત હોઈએ પણ ઉત્તરાયણ... મકરસંક્રાંતિ કે વસંત પંચમી - શરદપૂર્ણિમા... જેવાં પર્વો આપણને નિસર્ગ સાથે જોડે છે.... અરે પ્રકૃતિ તરફ પાછા વળવાનું સૂચવે છે... પણ... આપણે તો સાવ ઈન્દ્રિયજડ ... આ બધું આપણને સ્પર્શે ખરું ?! સમજાશે ખરું ?! દોસ્તો, પતંગોત્સવ એટલે પતંગ ચગાવવાની હરિફાઈ... પરંતુ આપણે ત્યાં તો ચગાવવા કરતાં 'કાપવા' ની પ્રવૃત્તિ મોખરે હોય છે !! એટલે જ પતંગપર્વની સાથે સાથે કરુણા અભિયાન પણ આદરવું પડે છે. પતંગોની સાથે બોઝીલ, ગમગીન - એકાકીપણાને હડસેલી જિંદગીને માણવાની - ગાવાની - નાચવા - કૂડવાની - મોજમસ્તીનો મિજાજ રેંઢો મેલવાનો અવસર છે. કવિ રમેશ પારેખ એટલે જ કહે છે;

'પતંગનો ઓચ્છવ
એ બીજું કંઈ નથી, પણ
મનુષ્યના ઉમળખાઓનો છે ઘૂઘવતો વૈભવ !'

**સ્પર્શમણિ :**

કાગળની જીવ વગરની પતંગ પણ ઉડે છે દોસ્ત, બસ દોરી સાચા માણસના હાથમાં હોવી જોઈએ!!

●●●

જરા ચગે, કપાય ને અંતે લંટાય, માણસને પતંગમાં, કેવું છે સામ્ય !

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

### દિન મહિમા

- લોહરી : દર વર્ષે ૧૩ જાન્યુઆરીએ લોહરીનો તહેવાર ઊજવાય છે. આ તહેવાર દિલ્હી, પંજાબ, હરિયાણામાં ખૂબ જ ઉત્સાહ સાથે ઊજવાય છે.
- રાકેશ શર્માનો જન્મ વિંગ કમાન્ડર રાકેશ શર્માનો જન્મ આજ રોજ ૧૯૪૯માં થયો હતો. તેઓ સોવિયેત રોકેટ સુયોઝ-ટી પર અવકાશમાં ઊડાન ભરનાર પ્રથમ અને એકમાત્ર ભારતીય નાગરિક બન્યા હતા.

### આજનું ઔષધ

- દરરોજ એક ગ્લાસ સફરજનનો રસ પીવાથી એમાં રહેલું, એન્ટી ઓક્સીડન્ટ હૃદયોગનું જોખમ ઘટાડે છે.

### ખડખડાટ

- દિવસરાત ઉજાગરા વેઠી ધંધા-ધંધાની માળા ફેરવતાં લોકોનો જોરદાર જવાબ... આને જિંદગી જીવી કહેવાય..!! રાજકોટમાં એક ભિખારી બપોરે એક વાગ્યો એટલે ભીખનો વાડકો ઊંધો કરીને સૂઈ ગયો... કોઈ કે સલાહ આપી!! તું ભલે સૂઈ જા, પણ વાટકો તો સીધો રાખ, કદાચ કોઈ અહીંથી જતા જતા વાડકામાં સિક્કા નાખતા જાય.... ભિખારીએ અડધી આંખ ખોલીને જવાબ આપ્યો... ના રે ના કોઈક બે પાંચ રુપિયાનો સિક્કો નાખી જાય ને અવાજ થાય. નકામી લાખ રુપિયાની ઊંઘ બગાડવી એના કરતાં ૧ થી ૪ ધંધો જ બંધ!!

### આજનો વોટ્સએપ

- જીંદગીની ભાગદોડમાં એટલું ધ્યાન રાખજો દોસ્તો કે અજાણ્યાને ઈમ્પ્રેસ કરવામાં કોઈ પોતાના છૂટા ના જાય.

# ડિજિટલ ઉપવાસ

આપણે બધા ક્યારેક ધાર્મિક કારણોસર તો ક્યારેક શરીરને જાળવવા માટેય ઉપવાસ કરીએ છીએ એટલે આ શબ્દ સાવ નવીન તો નથી જ, બરાબર?

ઉપવાસ એટલે શું એ તો બધાને ખબર છે આપણે અહીં વાત કરવી છે ડિજિટલ ઉપવાસની. એનો સીધો અને સરળ મતલબ એ કે, ક્યારેક ક્યારેક કે કોઈ ચોક્કસ દિવસોના અંતરાલે ઈન્ટરનેટ બિલકુલ બંધ રાખવું. ચોખ્ખા શબ્દોમાં કહું તો એક દિવસ માટે મોબાઈલ, કમ્પ્યુટર અને સ્માર્ટ ટીવીને આરામ આપવાનો. નવા સમયની નવીન જરૂરિયાત ડિજિટલ ઉપવાસ!

તમારી ઓફિસનું કામ ઠપ્પ કરી આરામ કરવો એવું મેં જરાય નથી કહ્યું હોં, જો જો પાછા મને ફસાવી ના દેતા. હું વાત કરી રહી છું તમારા અંગત ઈન્ટરનેટના વપરાશ પર કાપ મૂકવાની, કામ ધંધો ઠ્પ કરવાની નહીં.

આપણે એવું કરવાનું કે સપ્તાહમાં એક દિવસ સોશ્યલ મીડિયાની દરેક સાઈટ પરથી લોગ આઉટ થઈ જવાનું. તમે કોઈ એવા મહાન પદ ઉપર ના હો જ્યાં લોકોના મેસેજ જોવા અત્યંત જરૂરી હોય તો તમે તમારા ફોનનું ઈન્ટરનેટ જ બંધ રાખી લો. એક દિવસ પરમ શાંતિનો અહેસાસ થશે, સાચે તમે કહો એના સમ અને આમેય એક બે દિવસ તમે સોશ્યલ મીડિયા પરથી ગાયબ રહેશો તો તમારા વગર ત્યાં કોઈ સુનું નથી પડી જવાનું. ખાતરી કરવી હોય તો ઉપવાસ રાખી જુઓ તરત દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. હા, પણ આ ઉપવાસ કરવાથી એક ફાયદો ચોક્કસ થશે, તમારી પાસે એટલો બધો વખત એવો બચશે કે એમાં શું કરવું એ તમારે વિચારવું પડશે.

તમારે ના કોઈ વેબ સિરીઝ જોવાની કે ના કોઈ ઓનલાઈન ફિલ્મ જોવાની. આમેય આજકાલ શું જોવું એ કરતા શું જોવા જેવું છે એ જોવામાં વધારે સમય જાય છે. ઢગલો વિકલ્પ હોય એમાંથી આપણને કયો અનુકૂળ આવશે એ નક્કી કરવામાં જ અડધો સમય અને અડધું નેટ ખર્ચાઈ જાય છે. ક્યારેક તો છેક છેલ્લા એપિસોડ સુધી હમણાં કંઈક નવું, કાંઈક જોરદાર બનશે એવી ઇંતેજારી જગાવી આપણી સામે ગાજર લટકાવી રાખે. આપણે બિચારા ભોળવાઈને દરેક એપિસોડ પરાણે જોયે રાખીએ અને છેલ્લે કંઈ ઉકાળ્યા વગર ભાગ બે ની જાહેરાત કરી સિરીઝ પૂરી કરી નાખે ત્યારે એવો કાળ ચઢે. કેટલાક મારા જેવા ભોળા માણસો તો હવે પછી ક્યારેય આવી સિરીઝ નહીં જોવું એવું પ્રણ પણ લઈ નાંખે અને પછી થોડાક કલાકોમાં એ જ પ્રણની ઐસી કી તૈસી કરીને બીજી એવી જ સિરીઝ જોવામાં લાગી જતા હોય છે. આને ખરેખર મૂર્ખતા કે અસહાયતા એ વિચારવા જેવું છે?

સાવ આવું ના થાય કે થોડુક ઓછું આવું થાય એ માટે આ એક જ ઉપાય છે, ડિજિટલ ઉપવાસ. કેટલાય લોકો અઠવાડિયાનો કોઈ એક દિવસ કોઈ ને કોઈ ધાર્મિક ભાવનાને વશ થઈ ઉપવાસ રાખીને વિતાવતા હોય છે. તમારે પણ તમને ગમતો એક દિવસ નક્કી કરી લેવાનો પછી એ દિવસે ફોનનું નેટ ઑફ કરી દેવાનું થઈ ગયો ડિજિટલ ઉપવાસ.

નેટ બંધ રાખીને પછી આખો દિવસ કરવાનું શું? આવું પૂછીને તમે મને શરમમાં ના મૂકો ભૈસાબ. આપણને જનમથી જ કંઈ દૂધની બોટલ સાથે મમ્મીએ સ્માર્ટ ફોન હાથમાં નહોતો પકડાવ્યો. હજી થોડા વરસ જ થયાં છે આ મોબાઈલના ડબલાની ટેવ પડે. એની સાથે આવેલા એના જુડવા ભાઈ જેવા આ ઈન્ટરનેટને તો એનાથીય ઓછો સમય થયો. જૂની ટેવ, જૂની વાતો, જૂનો વખત યાદ કરો જ્યારે આ ડબલું સતત તમારી સાથે વળગેલું નહોતું રહેતું. એ વખતે તમે સમય પસાર કરવા શું કરતા હતા એ વખતમાં ફરી ડોકિયું કરી આવો અને ફરીથી એવું જ જીવો.

તમને લાગે કે ઘરનું કોઈ સહકાર નહીં આપે ત્યારે તમારી પત્નીને એના પિયરના કોઈ સગા વિશે જરાક ઉતરતી એકાદ વાત કહેવાની હિંમત કરી જુઓ, બાકીનો આખો દિવસ એ તમારી સાથે વિવાદ કરવા સમય કાઢશે. તમારા માબાપ આગળ ફલાણા કાકા કે કાકીના વખાણ કરો, એ કેટલા સજ્જન છે ફક્ત એટલું જ કહો પછી જુઓ તમારી સામે એમના કેટલા રાજ ખૂલે છે. ફોન બંધ કરી ઘરમાં ઝઘડા ઊભા કરો એમ નથી કહેતી પણ થોડીક મજાક મસ્તી તો ચાલે ને? મસ્તી થોડીક વધારે થઈ ગઈ એમ લાગે તો છેલ્લે ઉપવાસ છોડતી વખતે ઘરની નજીકના ગાર્ડનમાં સહકુટુંબ એક ચક્કર મારી આવવાનું અને બધાને એક એક આઈસ્ક્રીમ કે પાણીપુરી ખવડાવી મનાવી લેવાના.



## નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

ઘરમાં જો કોઈ યુવાન સભ્યો હોય તો એમને તો ફરજિયાત આવો ઉપવાસ રખાવો. જે રીતે તમને તમારા વડીલ પરાણે એકટાણું કરાવતા એ જ રીત તમે પણ અહીંયા અપનાવી શકો છો, શીખેલું અને વેઠેલું ક્યાંક તો વાપરવું! બાળકોને વિશ્વાસ અપાવો કે ફોનની બહાર પણ એક દુનિયા છે અને એ વધારે સુંદર છે. આ કામ તમે જ કરી શકશો અને આજનાં ટાબરિયાઓને એ સમજાવવું જરૂરી છે. એમના દરેક સવાલનો જવાબ ગૂગલ જરૂર આપી દેશે પણ એમાંથી શું ગ્રહણ કરવું અને શું ત્યજી દેવું એ ઘરનાં વડીલ સિવાય એમને કોણ સમજાવશે?

હવે મને એમ થાય કે ખરેખર જો લોકો મારી વાત માની આવા ડિજિટલ ઉપવાસ રાખવા લાગે તો એ પછીની દુનિયા કેવી હશે... કોઈ છોકરો કહેશે, "મને ગુરુવારે મેસેજ નહીં કરવો, મારી પરીક્ષા પૂરી ન થાય ત્યાં સુધી દર ગુરુવારે મારે ડી.ઉ. છે!" ડી.ઉ. એટલે સમજી ગયાને? ડિજિટલ ઉપવાસ. કોઈ છોકરી કહેશે, "દર સોમવારે હું ડી.ઉ. કરું છું જેથી ખબર પડી જાય કે મારો બોયફ્રેન્ડ મારી ગેરહાજરીમાં કોની સાથે ટાઈમ પાસ કરે છે."

કોઈક ગૃહિણી કહેશે, "દર રવિવારે મારે ડી.ઉ. હોય છે, હું યુ ટ્યુબમાં જોયા વગર આવડે એવું રાંધુ છું અને ઘરના લોકોને એ વધારે ટેસ્ટી લાગે છે!'

નાનો મુન્નો કહેશે, "દર રવિવારે મારું અને મારા પપ્પાનું નેટ બંધ હોય છે અને ત્યારે અમે ક્રિકેટ રમીએ છીએ."

તમને આ ડી.ઉ.નું વળગણ વળગ્યું પછી આજે શું પોસ્ટ કરું એનું ઉપવાસને દિવસે કોઈ ટેન્શન નહીં રહે. કઈ પોસ્ટ પર કેટલી લાઈક્સ આવી એ વારે વારે જોવાની કોઈ ઝંઝટ રહે, વેબ સિરીઝ ભૂલીને એક આખો દિવસ દૂરદર્શન જોઈ નાંખવાનું અને એ ના ગમે તો કોઈ ગમતા બીજા શોખ પાછળ સમય ખરચવાનો. સૌથી સરસ વાત તો એ બનશે એ કોઈના વાદવિવાદમાં તમારે ના પડવું હોય, તમારે સોશ્યલ મીડિયા પર ચાલી રહેલો ખેલ ભાગ લીધા વગર ખાલી એન્જોય કરવો હોય તો તમે એ કરી શકશો. પાછળથી કોઈ કહે કે તે મારી ફલાણી પોસ્ટ પર કેમ કોઈ કૉમેન્ટ નથી કરી ત્યારે તમે કહી શકો કે એ દિવસે મારે ડી.ઉ. હતો!

પહેલી વખત ઉપવાસ કરીએ ત્યારે રોજ કરતા ડબલ ભૂખ લાગે એનો અનુભવ લગભગ દરેકને હશે જ બસ એ જ વાત અહીંયા પણ લાગુ પડે છે. શરૂઆતમાં તકલીફ પડશે પણ ધીરે ધીરે ટેવાઈ જવાશે. પછીથી તો તમે જોજો આ ફિલ્ડમાં પણ એકટાણા અને અમુક નિશ્ચિત દિવસોના ઉપવાસ રાખવાની પ્રથા ચલણમાં આવી જશે. તો હાલો કહો જોઈએ તમે કયા દિવસે ડી.ઉ. રાખવાના છો?

**અમસ્તું,**

ટેકનોલોજીનો અતિશય ઉપયોગ કરતા તમને યાદ રહેવું જોઈએ કે તમે માણસ છો, રોબોટ નહીં!

@KapadiaNiyati

# એનું દૂબળું-પાતળું શરીર પણ એની અટકની મજાક ઉડાવતું હતું

ખરેખર, નામ પાડનારે એનું નામ બહુ યોગ્ય જ પાડ્યું હતું. નામ તો એનું 'બેજન મહારાજા' પણ એનું આટલું સરસ નામ જ અમારા માટે મજાકનો સ્રોત બની ગયું હતું. અને એની ભૂલ એ થઈ ગઈ હતી કે એણે અમારી કોલેજમાં એડમીશન લીધું હતું! અમારી ટોળી પહેલેથી જ નટખટ અને એમાં આવું નિરુપદ્રવી પાત્ર હાથમાં આવ્યું હતું! ચૂં કે ચાં કર્યા વગર મંદ-મંદ સ્મિત કરતાં એ અમારા તથાકથિત 'રેગિંગ'ને સહન કર્યે જતો! એ આર્ટ્સનો વિદ્યાર્થી અને અમે બધાં કોમર્સનાં સ્ટુડન્ટ્સ. પણ કેમ્પસ એક જ હોવાને લીધે અમારે "ભાઈચારો" બહુ! અને અમારી, મસ્તીમાં કનૈયાના ગોપ-ભાઈબંધોને પણ સારી કહેવડાવે એવી ટોળી, આર્ટ્સના ક્લાસીસમાં પણ બેરોકટોક ઘૂસી જતી અને જે દિવસે જે હાથમાં આવે એનો ઘડો-લાડવો કરી નાખતી!

એમાં એક દિવસ આ બેજન મહારાજા અમારા રડારમાં પકડાઈ ગયો! અમે એને નામથી તો ઓળખતાં હતાં પણ એ દિવસે એના આ નામને લીધે જ એ અમારા હાસ્ય-વિનોદનું પાત્ર બની ગયો!

બન્યું એવું કે અમે એ દિવસે આર્ટ્સના જે ક્લાસમાં ઘૂસ્યાં એ ક્લાસમાં લેડી પ્રોફેસર વિરુદ્ધાર્થ શબ્દો શીખવાડી રહ્યાં હતાં. એમાં એમણે સમજાવ્યું, "જુઓ, કેટલાક શબ્દોની આગળ 'બે' લગાડવાથી તેનો વિરુદ્ધ શબ્દ બને છે. જેમ કે બેરોકટોક, બેશરમ, બેનકાબ,વગેરે."

એમાં પાછળથી અમારી ટોળીમાંથી કોઈક બોલ્યું, "તો મેડમ, જેના નામનો સ્પેલિંગ મિ. Bejan થાય તો એનો મતલબ કે જાન વગરનો?" પાછળ હસાહસ થઈ ગઈ. એટલામાં લેકચર પૂરું થવાની બેલ વાગી પણ બેજનનો ક્લાસ લેવાનો ત્યારથી ચાલુ થઈ ગયો! બેજને હસતાં-હસતાં કહ્યું પણ ખરું કે એના નામમાં ગુજરાતી જોડણીમાં "જન" જ લખાય છે. અને 'બે' અક્ષર ગુજરાતી કે હિન્દીમાં વિરુધ્ધાર્થ માટે વપરાય છે. પણ અમે તો કોલેજમાં ભણતાં, અપરિપક્વ કહી શકાય એવી ઉંમરવાળા મસ્તીખોર જુવાનિયાઓ હતાં! અમારે તો મશ્કરી કરવાનું બહાનું જોઈતું હતું! અમારામાં બુદ્ધિશાળી ગણાતો આર્ષ બોલી ઊઠ્યો કે જો બે ખાતરો ભેગાં કરીને હાઈબ્રીડ ખાતર બનતું હોય તો બે ભાષા કેમ ભેગી ન કરી શકાય! અંગ્રેજીમાં તો "જન" કે "જાન"-બંને માટે Jan જ લખી શકાય ને!

ને પાછો ન તો બેજનનો ચહેરો કે ન તો એનું શરીર- કોઈ પણ એંગલથી એ મહારાજા જેવો લાગતો નહોતો! એનું દૂબળું-પાતળું શરીર પણ એની અટકની મજાક ઉડાવતું હતું! તે પછી તો બધાં એને "જાન વગરનો બેજાન" કહીને જ બોલાવતાં! પણ બેજનના ચહેરા ઉપર ક્યારેય ગુસ્સો દેખાતો નહીં. ઊલટું, એ બધાંની સાથે હસી પડતો.

એમાં ય પરાક્રમ પરબીયાનું એ પ્રિય મજાક-પાત્ર બની ગયો હતો. પરાક્રમ પોતે હટ્ટો-કટ્ટો અને સોહામણો યુવાન હતો. કોલેજની છોકરીઓ એને જોયા કરતી અને એ છોકરીઓને. એમાં ય મોહિની પરાક્રમને જરા વધારે જ જોયા કરતી!

એમાં એક દિવસે પરાક્રમે દરખાસ્ત મૂકી, "ચલો, બધાં પિકનિક પર જઈએ." અમને તો ભાવતું હતું ને પરાક્રમે કહ્યું! ફટાફટ બુકિંગ થઈ ગયું. પિકનિકનું સ્થળ પણ પરાક્રમે જ સૂચવ્યું, "અહીંથી સાઈઠેક કિલોમીટર દૂર એક સરસ જગ્યા છે. નદીકિનારો છે, નજીકમાં નાનકડું ગામ પણ છે. મજા આવશે. મિનિ બસની વ્યવસ્થા હું કરી દઈશ. આવતા વીક-એન્ડમાં નક્કી કરીએ. પણ એક શરત છે, બેજાનને લીધા વગર બસ નહીં ઊપડે! એના વગર મજાક કરવાનું પાત્ર કોણ મળશે? બેજાન તો જોઈશે જ." બધાએ એની વાત વધાવી લીધી. તોફાની ટોળીને તો સાથે ધમાલ-મસ્તી કરવાનું બહાનું જ જોઈતું હતું! બેજને એ જ મૃદુ સ્મિત સાથે પરાક્રમની વાત માની લીધી.

નિયત સમયે અમારી મિનિ બસ છલોછલ ભરાવા લાગી. બેજન પણ બસમાં ચઢ્યો. એણે નજર ફેરવી તો મોહિનીની બાજુની સીટ ખાલી હતી. એ બેસવા ગયો પણ મોહિનીએ એને અટકાવ્યો, "આ સીટ પરાક્રમ માટે છે. એ ડ્રાઈવરને બધી સૂચના આપવા ગયો છે." એ જ મૃદુ સ્મિત સાથે બેજન ડ્રાઈવરની પાસેની સીટ ઉપર ગોઠવાઈ ગયો.

બસ ઊપડી. એની સાથે ઉત્સાહ-મસ્તીનો ઘડો પણ છલકાવા માંડ્યો. અત્યાર સુધી તો કોલેજની સીમાઓ પણ નડતી હતી. હવે યૌવન આઝાદ હતું. ચાલીસ-પિસ્તાળીસ મિનિટ સુધી ધમાલ કર્યા બાદ એ જ મૂડમાં પરાક્રમે જાહેર કર્યું, "કોઈને ખબર છે, મને બસ ચલાવતાં પણ આવડે છે." અમે અહોભાવ અનુભવી રહ્યા. "જુઓ, હવે બાકીનો રસ્તો હું બસ ચલાવીશ. આમેય માંડ દસ-પંદર મિનિટનો રસ્તો રહ્યો છે."

ડ્રાઈવરે ના પાડવાનો નબળો પ્રયત્ન કર્યો પણ પરાક્રમે એને બીજા પ્રવાસમાં નહીં લઈ જવાની ધમકી આપીને બેસાડી દીધો. પરાક્રમે સ્ટિયરિંગ સંભાળતાં જ બસ પૂરજોશમાં ભાગવા માંડી. પાછળથી ઉલ્લાસની ચિચિયારીઓ ઊઠવા માંડી. એક તો કાચો રસ્તો અને ધમાલ-મસ્તીનું વાતાવરણ- પાછળ વળીને ગર્વભેર પોતાના પરાક્રમનું "રિએક્શન" જોઈ રહેલા પરાક્રમને ખબર પણ ન રહી કે ક્યારે સ્ટિયરિંગ ઉપરનો કાબૂ એ ગુમાવી બેઠો અને બસ ક્યારે પલટી ખાઈ ગઈ. અચાનક જોશ-ઉલ્લાસની બૂમો વેદના અને ભયની ચીસોમાં ફેરવાઈ ગઈ. પળવારમાં શું બની ગયું એની કોઈને ય ખબર ન પડી. પરાક્રમના તો હોશ-કોશ જ ઊડી ગયા હતા. બેજન પણ દર્દથી પીડાતો હતો. છતાં મહાપરાણે એણે ગજવામાંથી મોબાઈલ ફોન કાઢ્યો. અને કોઈક નંબર ડાયલ કર્યો. બસનું બારણું લોકડ હતું અને ચાવી ક્યાંક ફેંકાઈ ગઈ હતી. એ પછી એ આડી પડી ગયેલી બસની બારીમાંથી લોહી-લુહાણ હાલતમાં બહાર નીકળ્યો. દૂબળો-પાતળો હતો ને! નીકળી ગયો. સૌથી પહેલાં એણે પરાક્રમને પાણી પાયું. અને બહાર ફેંકાઈ ગયેલી ચાવીથી બસનું બારણું ખોલીને એને બહાર નીકળવામાં મદદ કરી.



## સ-રસ

મમતા બુચ

એટલામાં ક્યાંકથી ઘણાં-બધાં ગામવાસીઓ દોડતા આવ્યા. અમને બધાને સહી-સલામત નજીકની હોસ્પીટલમાં પહોંચાડવામાં આવ્યાં. સદભાગ્યે અમે જેટલા ડર્યા હતાં એટલી ઈજા પહોંચી નહોતી. એક પરાક્રમને ઘણું લોહી વહી ગયું હોવાથી બીજું ચડાવવું પડે એમ હતું. ડોક્ટરે કહ્યું કે પરાક્રમનું બ્લડ-ગ્રૂપ ચેક કરીને કોઈકના બ્લડની વ્યવસ્થા કરવી પડશે ત્યાં જ પાછળથી એક અવાજ આવ્યો, "મારું. મારું બ્લડ-ગ્રૂપ એને મેચ થશે. કારણકે મારું બ્લડ-ગ્રૂપ 'ઓ પોઝિટિવ' છે." બધાંએ પાછળ ફરીને જોયું. એ જ મૃદુ સ્મિત સાથે પાટો બાંધેલો બેજન ઊભો હતો!

બે'ક કલાકની સારવાર પછી જ્યારે અમે કઈંક "વિચારવા લાયક" થયાં ત્યારે આર્ષને સૂઝયું," આ બધાં ગામલોકોનો આભાર તો માનવો જ રહ્યો. એ બધાં ખડે-પગે અહીં જ રહ્યાં છે. પણ આ બધાં લોકો આવ્યાં ક્યાંથી? એમને ખબર કઈ રીતે પડી?"

અમે ગામલોકોનો આભાર માનતાં કહ્યું, "તમે લોકો ન હોત તો અમારી શું દશા થાત તે કલ્પી શકાય તેમ નથી. તમે જે નિઃસ્વાર્થભાવે અમારી સેવા કરી છે તેનો બદલો અમે કઈ રીતેપ"

અમને અધવચ્ચે જ અટકાવી ગામના એક વડીલ બોલ્યા, "ના રે ના...અમારો બેજન ગામ માટે જે કરે છે તેની સામે અમે તો કઈ નથી કર્યું. શે'રની કોલેજમાં પાંચ દિવસ ભણીને શનિ-રવિમાં બેજન અમારાં બાળકોને ભણાવે છે. ને તો ય કોલેજમાં રજા પડે એટલે એના બાપાને ખેતરમાં કામ કરાવે. અમે તો ભણેલાં નથી એટલે સરકારમાં કાગળ લખવા કે ગામના વિકાસ માટેનાં કામ કરવાં- બધું અમારો બેજન જ કરે. ઈનો એક ફોન આવ્યો એટલે અમે દોડતાં આવ્યાં. હેંડો હવે, બધું ય દુઃખ ભૂલીને આહીં પાસે નદી છે ઈયા જાવ ને આનંદ કરો. જમવાનું ટાણાસર પોંચી જશે. બસને ય ઝાઝું નુકસાન નથી થ્યું એટલે ચિંતા ન કરતાં."

આખો દિવસ આનંદ-પ્રમોદ કરીને મોડી સાંજે પાછાં ફરતાં મોહિનીની બાજુમાં બેસવા જતા પરાક્રમને મોહિનીએ અટકાવ્યો, "આ સીટ બેજન માટે રિઝર્વ્ડ છે." પણ ડ્રાઈવરની બાજુમાં બેઠેલા બેજને ઈશારો કરીને પરાક્રમને ત્યાં જ બેસવા કહ્યું. એના ચહેરા ઉપર એ જ મૃદુ હાસ્ય હતું. એ અમારા "બેજાન"માં આટલી બધી "જાન" હશે એની અમને કલ્પના પણ નહોતી. ખરેખર, નામ પાડનારે એનું નામ બહુ યોગ્ય જ પાડ્યું હતું - 'બેજન મહારાજા'.